# વધતી ચિંતા : શહેરમાં કોરોનાના ૧ ૨, ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા

**શહેર-જિલ્લામાં એક્ટીવ કેસ ૧૦૦ નજીક પહોંચ્યા : શહેરમાં રાયસણ, ઈન્ફોસીટીમાં ૩-૩, ઝુંડાલમાં ૨, સરગાસણ, કુડાસણ, સે. ૭ અને સે. ૫ માં ૧-૧ કેસ, ગાંધીનગર ગ્રામ્ય અને કલોલમાં ૧-૧ તો માણસામાં ૩ કેસ**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૧૨ કેસ તથા ગ્રામ્ય વિસ્તારમાં નવા પાંચ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના સ્થિર થયો હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૨ ટકાની આસપાસ નોંધાયો છે. જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રે એલર્ટ મોડ પર તેની કામગીરી હાથ ધરી દીધી છે.

કોરોનાની ગાઈડલાઈનના પાલનમાં લોકોની બેદરકારી પણ કેસોની સંખ્યા વધારી રહેલ છે. લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યા છે. ક્યાંક ક્યાંક દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી પણ ધ્યાને આવી રહી છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યા છે અને એમાંય મહિલા અને ટીનેજર્સના કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

તંત્રએ શહેર-જિલ્લામાં સઘન સર્વેલન્સ, ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે તંત્રને તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ કેસ નોંધાયા છે. ગાંધીનગર કલોલમાંથી એક-એક કેસ અને માણસામાંથી ૩ કેસ મળતાં તંત્ર પણ ચોંક્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી આવ્યાનું પ્રાથમિક અનુમાન તંત્રનું છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓ છે.

ગાંધીનગર ગ્રામ્યમાં સંવેદનશીલ બનેલ અડાલજમાંથી આજે વધુ એક કેસ મળેલ છે. ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

માણસા તાલુકાના વેડા ગામેથી આજે વધુ બે કેસ મળ્યા છે. બન્ને મહિલા દર્દી છે. આ ઉપરાંત મુબારકપુરા ગામેથી એક ૨૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે એકટીવ કેસની સંખ્યા ૪૦ની નજીક પહોંચી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ ૧૫૨૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવા માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૨ કેસ નોંધાયા છે. ૧૦થી વધુ કેસ સપ્તાહમાં ત્રીજીવાર નોંધાયા હોવાથી તંત્ર પણ ચોંક્યુ છે અને એલર્ટ મોડ પર કામગીરી હાથ ધરી છે.


ગાંધીનગર શહેરમાં આજે ૧૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં ૭ કેસ મહિલા દર્દીના છે. એક ૭ વર્ષના કિશોરનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો એક દર્દી પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતાં સંક્રમિત થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ કેસો નોંધાયા હોવાથી તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ. આજે રાયસણ, ઈન્ફોસીટીમાં ૩-૩ કેસ, ઝુંડાલમાં ૨ કેસ, સરગાસણ અને સે. ૭ તેમજ ૫ માં એક-એક કેસ નોંધાયેલ છે.

કુડાસણમાં ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી પોઝીટીવ દર્દીના

● અનુસંધાન પાન-૭ પર

**શહેરમાં ભલે વરસાદ પડતો ન હોય પરંતુ આકાશમાં વાદળોની અવરજવર વધી ગઈ છે. રવિવારે સાંજે કડાકા-ભડાકા સાથે આકાશમાં વાદળો ઘેરાયા હતા અને વરસાદી માહોલ બંધાયો હતો પરંતુ જોઈએ તેવો વરસાદ પડ્યો ન હતો. જો કે આકાશમાં છવાયેલા વાદળોએ વહેલી સવારે સુંદર દ્રશ્યનું સર્જન કર્યુ હતુ. કેસરી, પીળા, ગુલાબી અને કાળા રંગના પટ્ટાઓથી મનોહર દ્રશ્ય સર્જાયુ હતુ. કુદરતની અદ્‌ભૂત રંગોળીએ મન મોહી લીધુ હતુ.**



## વરસાદી દિવસોમાં વિદ્યાર્થીઓની સલામતી માટે અકસ્માત નિવારવા ઈલેક્ટ્રીક સર્કીટ બ્રેકર સ્વીચ લગાવાશે

**શૈક્ષણિક સત્રના પ્રારંભે જિલ્લાની શાળાઓમાં અકસ્માત નિવારવા માટે ઇલેક્ટ્રીક વાયરીંગને સલામત રાખવા તેમજ ફાયર સેફ્ટીના સાધનોની યોગ્યતા ચકાસવા માટે પણ સુચના**

ગાંધીનગર તા ૨૭

ગાંધીગરમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે વિદ્યાર્થીઓની સલામતીને અનુલક્ષી શિક્ષણ વિભાગ કક્ષાએથી કેટલાક મહત્વના નિર્ણય લેવાયા છે. જેમાં જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઈલેક્ટ્રીક વાયરીંગના લીધે કોઈ અકસ્માત ન થાય તે માટે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં વાયરીંગને સલમાત કરવાની સાથે ઈલેક્ટ્રીક સર્કીટ બ્રેકર સ્વીચ લગાવવા પણ સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત ફાયર સેફટીના સાધનોની પણ યોગ્યતા ચકાસવા માટે તાકીદ કરાઈ છે.

શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે. કોરોના કાળ બાદ વેકેશનના લીધે લાંબા સમયથી શાળા સંકુલોમાં સુનકાર જોવા મળતો હતો જયારે નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે જ જિલ્લાના તમામ શાળા સંકુલો વિદ્યાર્થીઓની કોલાહલથી ગુંજતા થઈ ગયા છે. ત્યારે વિદ્યાર્થીઓની સલામતીને અનુલક્ષીને પણ કેટલાક મહત્વના પગલા લેવા સુચના આપવામાં આવી છે. શાળાના શૈક્ષણિક સત્રની સાથે વરસાદી દિવસોની પણ શરૂઆત થઈ ગઈ છે.

શિક્ષણ વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શાળાઓને લેખિતમાં સુચના આપવામાં આવી છે. જેમાં વરસાદી દિવસો દરમિયાન વિજ અકસ્માતની સંભાવના વધી જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લાની કોઈપણ પ્રાથમિક શાળાઓમાં વિજલાઈન ખુલ્લી ન રહે તે માટે શાળા સંચાલકોને તાકીદ કરાઈ છે. પ્રત્યેક શાળામાં ઈલેક્ટ્રીક સરકીટ બ્રેકર તેમજ મીની એચર સર્કીટ બ્રેકર ફરજિયાત લગાવવા માટે પણ સુચના આપવામાં આવી છે. આ વ્યવસ્થાના લીધે સામાન્ય શોટ સર્કીટના કિસ્સામાં પણ આખી શાળામાં વિજ પુરવઠો બંધ થઈ જાય છે.

જયારે આ વ્યવસ્થાના લીધે વિજ અકસ્માત પણ નિવારી શકાય છે. આ ઉપરાંત દરેક શાળામાં પ્રત્યેક વર્ગ ખંડમાં પુરતી લાઈટની વ્યવસ્થા રહે તે માટે પણ સુચના આપવામાં આવી છે. જયારે શાળાઓમાં આગ અકસ્માતના બનાવો બન્યા હોવાના પણ કિસ્સાઓ અગાઉ ધ્યાને આવ્યા છે. જેને અનુલક્ષીને આ પ્રકારના અકસ્માતને નિવારવા અને વિદ્યાર્થીઓની સલામતી જળવાય તે માટે ફાયર સેફટીની વ્યવસ્થા ચકાસવા માટે પણ આદેશ અપાયો છે. જિલ્લાની તમામ શાળાઓમાં ફાયર સેફટીના સાધનો ચાલુ રાખવા માટે પણ જણાંવાયુ છે. આ ઉપરાંત આગ બુઝાવાના સાધનોની યોગ્યતા ચકાસી રીફીલીંગ સહીતની કામગીરી પુર્ણ કરી દેવા માટે પણ સુચના આપવામાં આવી છે. આ પ્રકારના સાધનો નજર સામે લગાવવા માટે પણ વિભાગના અધિકારીઓએ સુચના આપી છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૩૫૧ કેસ

ગાંધીનગર, તા.૨૭

રાજ્યમાં કોરોનાના આજે નવા ૩૫૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૪૮ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૬,૯૬૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. બીજી તરફ કોરોનાનો રિકવરી રેટ પણ ઘટીને ૯૮.૯૦ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૩૪,૨૩૧ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૫૬૬ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઈ નાગરિક વેન્ટિલેટર પર નથી, આ ઉપરાંત ૨૫૬૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૨,૧૬,૯૬૭ નાગરિકો હરાવી ચુક્યાં છે. તો બીજી તરફ ૧૦,૯૪૬ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે આંશિક રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નથી નિપજ્યું.

નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫૫, સુરત કોર્પોરેશન ૭૧, વડોદરા કોર્પોરેશન ૩૦, ગાંધીનગર કોર્પોરેશન ૧૨, વલસાડ ૧૧, જામનગર કોર્પોરેશન ૯, સુરત ૮, ભાવનગર કોર્પોરેશન ૫, ગાંધીનગર ૫, ગાંધીનગર ૫, જામનગર ૫, ભરૂચ ૪, પાટણ ૪, રાજકોટ કોર્પોરેશન ૪, અમદાવાદ ૩, મોરબી ૩, સુરેન્દ્રનગર ૩, કચ્છ ૨, મહેસાણા ૨, ભાવનગર ૧, બોટાદ ૧, દેવભૂમિ દ્વારકા ૧, રાજકોટ ૧, સાબરકાંઠા ૧ અને વડોદરા ૧ એમ કુલ ૩૫૧ કેસ નોંધાયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

## સરકારી બાબુઓના સંતાનોને સરકારી શાળામાં દાખલ કરવા અનિવાર્ય

**ચૂંટાયેલા ધારાસભ્યો, મંત્રીઓ અને સરકારી અધિકારીઓના બાળકો ખાનગી શાળામાં અભ્યાસ કરે છે તેમને રાજ્યની શિક્ષણ વ્યવસ્થા પર ભરોસો નથી**

ગાંધીનગર, તા. ૨૭

હાલમાં જ રાજ્યની સરકારી શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ ગયો. મંત્રીઓ, ધારાસભ્યો અને અધિકારીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ સરકારી શાળાઓની શિક્ષણ સુંદર વ્યવસ્થાના ગાણા ગાઈ રહ્યા છે પરંતુ આ જ મંત્રીઓ-ધારાસભ્યો અને સરકારી બાબુઓના બાળકો સરકારી શાળામાં નહી પરંતુ મોંઘીદાટ ફી વસુલતી ખાનગી શાળાઓમાં અભ્યાસ કરે છે એનો સીધો અર્થ એ થયો કે સરકારના મંત્રીઓ-ધારાસભ્યો અને અધિકારીઓને જ પોતાની શિક્ષણ વ્યવસ્થા પર ભરોસો નથી. નિવૃત્ત સનદી અધિકારી કે.જી. વણઝારાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી મંત્રીઓ, ધારાસભ્યો અને સરકારી બાબુઓ પોતાના બાળકોને સરકારી શાળામાં જ ભણાવે તે ફરજીયાત બનાવવુ જોઈએ તેવો આગ્રહ કર્યો છે.

નિવૃત્ત સનદી અધિકારી કે.જી. વણઝારાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર લખી વધુમાં વિનંતી કરી છે કે તમામ મંત્રીઓ-ધારાસભ્યો અને સરકારી અધિકારીઓના બાળકોને સરકારી શાળામાં જ ફરજિયાત પ્રવેશ અપાવવો જોઈએ. તેમને જ્યારે પોતાની શિક્ષણ વ્યવસ્થા પર ભરોસો થશે ત્યારે જ શાળા પ્રવેશોત્સવની સાર્થકતા સાચા અર્થમાં સાબિત થશે.

શાળા પ્રવેશોત્સવના કારણે સન ૨૦૦૨-૦૩માં શાળા પ્રવેશ દર ૭૫.૦૫ હતો જે સન ૨૦૧૨-૧૩માં ૯૯.૨૫ સુધી પહોંચી છેવટે હવે સન ૨૦૨૨માં લગભગ ૧૦૦ ટકા થવા જઈ રહ્યો છે. સન ૨૦૦૪-૦૫માં ધોરણ ૧થી ૮ માં ડોપ આઉટ દર ૧૮.૭૯ ટકા હતો તે સન ૨૦૨૦-૨૧માં ઘટીને ૩.૦૭ થયો છે. રાજ્ય સરકારનો આ દાવો સ્વીકાર્ય, આવકાર્ય અને આનંદદાયક છે.

આ ન્યાયે સરકારી ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓ જો પોતાના સંતાનોને સરકારી શાળામાં ભણવે તો સામાન્ય પ્રજાને સરકારી શાળા માટેનો ભરોસો નિર્માણ થાય. પ્રધાનમંત્રીએ કેમ કરીને સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓના સંતાનોને સરકારી શાળાઓમાં ભણાવવા આદેશ કરવો જોઈએ. તો જ શિક્ષણ સમાજનું વિસ્વાસપાત્ર માળખું નિર્માણ થઈ શકશે. પ્રવેશોત્સવ વેળાએ સરકારી શિક્ષણની વાહવાહી કરનારાઓએ પોતાના સંતાનોને ખાનગી શાળાઓમાં ભણાવે જેનાથી સરકાર અને પ્રજા વચ્ચે શિક્ષણના સંદર્ભે મોટી ખાઈ રહે છે.

## શહેરના જ-માર્ગ પર રોયલ પામ ટ્રીના ૩૦૦ વૃક્ષોને સુકારો : નવા રોપાઓની વાવણી કરાશે

**વનતંત્ર દ્વારા બે વર્ષ અગાઉ ૧૩૨૩ રોપાઓની વાવણી કરવામાં આવી હતી : આકરી ગરમીના લીધે સુકારો લાગતા સેન્ટ્રલ વર્જમાં નવા રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૨૭

આકરી ગરમીમાં શહેરના જ માર્ગ પર રોયલ પામ ટ્રીને સુકારો લાગી ગયો છે. જેના લીધે હવે વન તંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરાશે. જ માર્ગ પર વન વિભાગ દ્વારા બે વર્ષ અગાઉ ૧૩૨૩ પામ ટ્રી ના રોપાઓની વાવણી કરવામાં આવી હતી જયારે ઉનાળા દરમિયાન આકરી ગરમીમાં આ પૈકી ૩૦૦ જેટલા પામ ટ્રી સુકાઈ ગયા છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવાનો નિર્ણય લેવાયો છે.

વનતંત્ર દ્વારા વરસાદી દિવસોમાં પ્રતિવર્ષ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ શહેરમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી વનતંત્ર દ્વારા ગરમીના દિવસોમાં જ નવા રોપાઓની વાવણીને અનુલક્ષીને ખાડા ખોદવાનુ કામ પુર્ણ કરી દેવાયુ હતુ. જો કે હજુ પણ વરસાદ વિલંબમાં પડતા નવા રોપાઓની વાવણી થઈ શકી નથી વનતંત્ર પણ વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળી નિખારવા માટે વરસાદની વાટે છે. એકબાજુ વરસાદ આવતો નથી ત્યારે હરિયાળીને પણ પાણી પુરુ પાડવાનુ કામ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. ત્યારે શહેરમાં વનતંત્ર દ્વારા અગાઉ વાવણી કરવામાં આવી હોય તેવા રોપાઓને પણ સુકારો લાગી ગયો છે. વરસાદના અભાવ વચ્ચે ગરમીનો પારો પણ ઉંચો રહેતા હરિયાળીને નુકશાન થઈ રહ્યુ છે. શહેરના જ માર્ગ પર વનતંત્ર દ્વારા બે વર્ષ અગાઉ ૧૩૨૩ જેટલા રોયલ પાર્મ ટ્રીના રોપાઓની વાવણી કરવામાં આવી હતી જેના લીધે જ માર્ગની રોનક નિખરી હતી પરંતુ લાંબા સમયના અંતે આ પૈકી ઘણાંખરા રોપાઓ સુકાઈ ગયા છે. ઉનાળામાં ૪૫ ડીગ્રી સુધી તાપમાન પહોંચી ગયુ હતુ જયારે આ વખતે રેકર્ડ બ્રેક ગરમીના લીધે આમ પણ શહેરમાં ઘણાં ઠેકાણે હરિયાળી મુર્જાઈ ગઈ છે. ત્યારે જ માર્ગ પર નવા રોપાઓની વાવણી કરવાનો નિર્ણય લેવાયો છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના જ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં અગાઉ નવા રોપાઓની વાવણી કરવામાં આવ્યા બાદ બે વર્ષના અંતે એક હજાર જેટલા રોપાઓ યથાવત છે. પરંતુ ૩૦૦ જેટલા પામ ટ્રી સુકાઈ ગયા છે. જેના લીધે વનતંત્રએ આ ઠેકાણે નવા રોપાઓની વાવણી કરવાનો નિર્ણય લીધો છે. રોયલ પામ ટ્રી ના લીધે માર્ગની સુંદરતા પણ વધી છે. જયારે સેન્ટ્રલ વર્જમાં પામ ટ્રીના લીધે આખા માર્ગનો નઝારો બદલાઈ જાય છે. જેથી હવે સુકાયેલા પામ ટ્રીને દુર કરીને નવા રોપવામાં આવશે જયારે આગામી સપ્તાહમાં વરસાદનુ આગમન પણ થઈ જશે જેના લીધે નવા રોપાઓને પુરતુ પાણી પણ મળી રહશે તેમ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વરસાદ હાઉકલી કરી જતો રહે છે. રોજબરોજ આકાશમાં વરસાદી વાદળો ઘેરાય છે. જયારે આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસદતા નથી જેના લીધે નગરજનો પણ આકરી ગરમી વચ્ચે અકળાયા છે.

જયારે નગરમાં હરિયાળી પણ વરસાદના અભાવે સુકારાનો ભોગ બની રહી છે. ત્યારે શહેરમાં નવા ૧૪ હજાર થી પણ વધુ રોપાઓની વાવણીને અનુલક્ષી વનતંત્ર દ્વારા અગાઉ ખાડા પણ ખોદવામાં આવ્યા છે. પરંતુ વરસાદ ખેંચાતા હજુ પણ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી થઈ શકી નથી.

## અગ્નિપથ યોજનાના વિરોધમાં જિલ્લાની પાંચેય બેઠક પર કોંગ્રેસે ધરણા કર્યા




ગાંધીનગર, તા. ૨૭

કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલ અગ્નિપથ યોજનાનો આજે જિલ્લાની પાંચેય બેઠકો પર ધરણાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કલોલ વિધાનસભા બેઠક પરના ધરણાના કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પણ જોડાયા હતા.

શેરીસા ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, ધારાસભ્ય બળદેવજી ઠાકોર, નિરીક્ષક મુકેશભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરવિંદસિંહ સોલંકી, જિ.પં. વિપક્ષના નેતા રશ્મિનજી ઠાકોર, તા.પં.ના પ્રમુખ ધૂળાભાઈ ઠાકોર, અશોકભાઈ પરમાર, કાંતિજી ઠાકોર, વખતસિંહ ચૌહાણ સહિતના આગેવાનો જોડાયા હતા.

ગાંધીનગર (ઉ)માં ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના નેતૃત્વમાં અજીતસિંહ વાઘેલા, અંકિત બારોટ, જીતુભાઈ રાયકા, ગજેન્દ્રસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com